# અમદાવાદનાં મહે.એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬,અમદાવાદ.

**<u>ફોજદારી કેસ નં.૧૪૦૬૭૫/૨૦૨૪</u>**

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપીઃ– આનંદ કિશનચંદ્ર કરણચંદ્ર ધારા +૧૨**

<u>ગુન્હો– જુગાર ધારાની કલમ–૪,૫ અન્વયે.</u>

**ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ–૨૫૨ મુજબ ઠરાવ.**

(૧) ફરીયાદપક્ષનાં કેસ મુજબ આ કામનાં આરોપીઓએ બનાવની તારીખે, સમયે અને સ્થળે જાહેરમાં પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડી રેઇડ દરમ્યાન પૈસા અને જુગાર સાહિત્ય સાથે પકડાઇ જઇ જુગાર ધારાની કલમ–૪,૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. પોલીસે ગુનો નોંધી તપાસ કરી આ કામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં, તેઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ તેઓએ પોતાને ગુનો કબુલ છે તેવુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે. આથી અદાલતે તેને ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને ગુનો કબુલ કરવાથી કાયદા મુજબ સજા થઇ શકે તે સમજાવેલ છે. ત્યારબાદ પ્લી રેકર્ડ કરતા, તેમા પણ પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આથી કબુલાત સ્વેચ્છાપુર્વકની હોવાની ખાત્રી કર્યા બાદ પુરસીસ રેકર્ડ કરવામાં આવી અને ત્યારબાદ આરોપીઓને સજા અંગે સાંભળવામાં આવ્યા.

(૩) આરોપીઓએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક કરેલ છે તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યક્ત કરેલ છે. પોતાનો આ પ્રથમ ગુનો હોય, ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તથા રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે. પોતે ગરીબ વર્ગનાં અને કુટુંબની એકમાત્ર કમાનાર વ્યકિત હોવાની રજુઆત કરે છે. પોતાના અને કુટુંબનાં ભવિષ્યને લક્ષમાં રાખી દયા રાખવા અને ગુનો માફ કરવા વિનંતી કરેલ છે.

(૪) આરોપીઓએ ગુનો કબુલ કરતા સજા થવી જોઇએ તેમ આ અદાલત માને છે, તેમજ સમાજનાં હીતમાં પણ આરોપીઓને સજા કર્યા વિના માફ કરવા યોગ્ય નથી. પરંતુ આરોપીઓની રજુઆતો ધ્યાનમાં લેતા તેમજ પુરસીસ વંચાણે લેતા અને નામ. ગુજ. હાઇ.નાં સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, રીપોર્ટેડ ઇન ૨૦૦૫(૧) જી.એલ.આર. ૨૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ

સિધ્ધાંત તથા સંજોગોને ધ્યાને લેતા આ કામમાં આરોપીઓને સુધરવાની તક આપી યોગ્ય સજા કરવી જોઇએ તથા હાલનાં ગુનામાં ઓછામાં ઓછી સજા નિયત કરવામાં આવેલ નથી. આથી ગુનાનો પ્રકાર, આરોપીઓની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઇ ધ્યાને લઈ, ગુનાનો અહેસાસ માત્ર થાય તેટલી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઇ રહેશે, તેમ આ અદાલત માને છે.

(પ) આરોપીઓ સામેનાં ગનાનો આરોપ, ગુનાનો પ્રકાર, આરોપીઓની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા અને આરોપીઓ ગુનો કબુલ કરતા તકસીરવાન ઠરતા હોય, ન્યાયનાં હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

**૧.** આ કામનાં દરેક આરોપીઓને જુગાર ધારા કલમ–૪,૫ અન્વયેનાં ગુના સબબ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૨ હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

જુગારધારાની કલમ–૪ અન્વયે દરેક આરોપીઓને રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચ સો પુરા) નાં દંડની સજા કરવામાં આવે છે તથા જુગારધારાની કલમ–૫ અન્વયે આરોપીઓને રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણ સો પુરા) નાં દંડની સજા કરવામાં આવે છે.

આમ દરેક આરોપીઓએ કુલ દંડ રૂા.૮૦૦/–(અંકે રૂપિયા આઠ સો પુરા) એટલે કે (રૂા.૮૦૦/– x ૧૩ = રૂા.૧૦,૪૦૦/–)નાં દંડની સજા કરવામાં આવે છે. અને દંડ ભરવામાં કસુર કર્યે દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓના ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

**૩.**આ કામે કબ્જે કરેલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી./મુદ્દામાલ અંગે વચગાળાનો થયેલ હુકમ શરતો રદ કરી કાયમ કરવામાં આવે છે./ મુદ્દામાલ અંગે પોલીસ ખરાઇ કરી માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે./મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો./

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૪/૦૯/૨૦૨૪

૭માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર.